# Gujarati (110)
# Sample Question Paper
## Std. XII (2024-2025)
## Answer Key

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. | The question paper is divided in two parts. |
| ➢ વિભાગ (અ) વસ્તુનિષ્ઠ (MCQ) અને હેતુલક્ષી પ્રશ્નો પર આધારિત હશે. | Part A: objective type questions and (MCQ) type |
| દરેક ઉત્તર માટે 1 અંક નિર્ધારિત છે.<br>(અ) વિભાગ  કુલ 40 ગુણનો હશે. | Each Answer carries 1 mark.<br>Total - 40 marks. |
| ➢ વિભાગ (બ) વર્ણનાત્મક પ્રશ્નો | Part B:  Subjective Descriptive questions |
| ➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગમાં પ્રશ્નોત્તર લખવાના રહેશે. | As per the instructions given the questions and answers of this section have to be written. |
| ➢ કુલ ગુણ 40<br>➢ પ્રશ્નપત્રમાં ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અવશ્ય લખવો. | Total - 40 marks.<br>Please write down the serial number of the question before attempting it. |

## ગુજરાતી

## ધોરણ-XII (110)

સમય – 3 કલાક | Time: 3 hrs.

કુલ ગુણ -80 | M.M.- 80

### PART A (વસ્તુનિષ્ઠ પ્રશ્નો) (40)

### (Advanced Reading Skill)

**પ્રશ્ન-1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (5x1=5)**

ભારતના પ્રાચીન ચિંતકોએ સારા નાગરિક બનવા માટે કેટલાક નિયમો આપ્યા છે. આ નિયમોમાં વાણી અને વર્તનની શુદ્ધતા, ફરજ અને સત્તાનું યોગ્ય સ્થાન, પરસ્પર શુદ્ધ સંવાદિતા અને સેવાની ભાવના વગેરે ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ બધા જ ગુણો જો એક વ્યક્તિના વ્યક્તિત્વમાં અનિવાર્ય માનવામાં આવે તો તેનું જીવન સુખી અને આનંદમય થઈ શકે છે. જો બાળકમાં નાનપણથી જ આ તમામ ગુણોનો વિકાસ થાય તો તે પોતાના દેશનો શ્રેષ્ઠ નાગરિક બની શકે છે. આ ગુણોને લીધે, તે

તેના પરિવાર, પડોશ, શાળામાં તેના સહપાઠીઓ અને શિક્ષકો સાથે યોગ્ય વર્તન કરી શકશે. વાણી અને વર્તનની મધુરતા સૌને પ્રસન્ન કરે છે. સમાજમાં એકબીજા માટે પ્રેમભાવ વધે છે. પરંતુ માત્ર એક નિરભિમાની વ્યક્તિ જ સારી વાણી અને નમ્ર વર્તનનો ઉપયોગ કરી શકે છે. દંભી અને અભિમાની વ્યક્તિ હંમેશાં અસંસ્કારી વાણી અને વર્તન કરતા હોય છે. તેનું પરિણામ એ આવે છે કે આવા વ્યક્તિના વર્તનથી સમાજમાં શાંતિ અને સંવાદિતાનું વાતાવરણ નથી બનતું. વ્યક્તિ જે રીતે સમાજમાં રહે છે, તેના વર્તન દ્વારા તેની ફરજો અને અધિકારો પ્રત્યે જાગૃત રહે છે તે જ રીતે, દેશ પ્રત્યેનું તેનું કર્તવ્ય અને ફરજની ભાવના હોવી પણ જોઇએ. વ્યક્તિની તે ફરજ બની જાય છે કે, દેશના સન્માન, સંપત્તિ અને સ્વાભિમાનને ઠેસ પહોંચે તેવું કાર્ય તે પોતે ન કરે અને બીજાને પણ ન કરવા દે। સમાજ અને દેશમાં શાંતિ જાળવવા માટે ધાર્મિક સહિષ્ણુતા પણ ખૂબ જરૂરી છે. આ સહિષ્ણુતા ત્યારે જ આવી શકે છે જ્યારે વ્યક્તિનું વ્યક્તિત્વ સંતુલિત હોય, આંતરિક અને બાહ્ય સંઘર્ષની બહાર સામાજિકતાની લાગણીથી ભરેલું હોય.

**પ્રશ્નો**:

(I) એક સારા નાગરિક બનવા માટે કોણે અને શું બનાવવું જરૂરી કહ્યું છે? શા માટે?

ઉત્તર: ભારતના પ્રાચીન ચિંતકોએ સારા નાગરિક બનવા માટે કેટલાક નિયમો આપ્યા છે. વ્યક્તિના વ્યક્તિત્વના ઘડતર માટે આ નિયમો અનિવાર્ય માનવામાં આવે છે.

(II) બાળક દેશનો શ્રેષ્ઠ નાગરિક ક્યારે બની શકે?

ઉત્તર: વાણી અને વર્તનની શુદ્ધતા, ફરજ અને સત્તાનું યોગ્ય સ્થાન, પરસ્પર શુદ્ધ સંવાદિતા અને સેવાની ભાવના વગેરે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ બધા જ ગુણો જો એક વ્યક્તિના વ્યક્તિત્વમાં અનિવાર્ય માનવામાં આવે તો તેનું જીવન સુખી અને આનંદમય થઈ શકે છે. જો બાળકમાં નાનપણથી જ આ તમામ ગુણોનો વિકાસ થાય તો તે પોતાના દેશનો શ્રેષ્ઠ નાગરિક બની શકે છે.

(III) સદ્ગુણોનું પાલન કરવાથી શો ફાયદો થાય છે?

ઉત્તર: સદ્ગુણોનું પાલન કરવાથી તે તેના પરિવાર, પડોશ, શાળામાં તેના સહપાઠીઓ અને શિક્ષકો સાથે યોગ્ય વર્તન કરી શકશે. વાણી અને વર્તનની મધુરતા સૌને પ્રસન્ન કરે છે. સમાજમાં એકબીજા માટે પ્રેમભાવ વધે છે. પરંતુ માત્ર એક નિરભિમાની વ્યક્તિ જ સારી વાણી અને નમ્ર વર્તનનો ઉપયોગ કરી શકે છે. દંભી અને અભિમાની વ્યક્તિ હંમેશાં અસંસ્કારી વાણી અને વર્તન કરતા હોય છે.

(IV) ભારતના નાગરિક તરીકે દરેક વ્યક્તિની શી ફરજ છે?

ઉત્તર: જેમ વ્યક્તિની તેના વર્તન દ્વારા તેની ફરજો અને અધિકારો પ્રત્યે જાગૃત રહે છે તે જ રીતે, દેશ પ્રત્યેનું તેનું કર્તવ્ય અને ફરજની ભાવના હોવી જોઇએ. વ્યક્તિની તે ફરજ બની જાય છે કે, દેશના સન્માન, સંપત્તિ અને સ્વાભિમાનને ઠેસ પહોંચે તેવું કાર્ય તે પોતે ન કરે અને બીજાને પણ ન કરવા દે।

(V) ધાર્મિક સહિષ્ણુતા શા માટે જરૂરી છે?

ઉત્તર: સમાજ અને દેશમાં શાંતિ જાળવવા માટે ધાર્મિક સહિષ્ણુતા પણ ખૂબ જરૂરી છે. આ સહિષ્ણુતા ત્યારે જ આવી શકે છે જ્યારે વ્યક્તિનું વ્યક્તિત્વ સંતુલિત હોય, આંતરિક અને બાહ્ય સંઘર્ષની બહાર સામાજિકતાની લાગણીથી ભરેલું હોય.

**પ્રશ્ન-2 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો.** (5x1=5)

સૂણો મૌલવી, પાદરી, પંડિત ધૂરંધર,
મને મારી રીતે શોધવા દો ઈશ્વર.
હૈયે જાગે જ્યારે ઈશને જોવાની તરસ,
રસ્તા ભૂંસતા લાગે વરસોના વરસ,
ઈશ દોર્યા તમે જે મનની પાટી પર,
ઘૂંટાવી ઘૂંટાવી કરી દીધા નક્કર,
મને મારી રીતે શોધવા દો ઈશ્વર.
વિધિવિધાનમાં મને એવી ગૂંચવી,
મારો ઈશ્વર લીધો મુજથી ઝૂંટવી,
મંદિર મસ્જિદ કે ના કો' દેવઘર,
વસે જે મારી સાથે મારી ભીતર,
મને મારી રીતે શોધવા દો ઈશ્વર.
ઈશ મળશે ત્યારે હું નહીં હોઉં,
ખુદને એમ રોજ થોડી થોડી ખોઉં,
પગલાં એના જ્યારે સ્પષ્ટ સૂણાઇ દે,
આતમ ને બસ સાથ ન કો અવર,
મને મારી રીતે શોધવા દો ઈશ્વર.
ઈશ્વરની શોધમાં હું રોજ નીકળું,
ને સૂરજ આથમ્યે સાંજ જેમ ઢળું,
દિલને આશ એક દિ જરૂર મળશે,

ભટકવા દો એને ખોળવા દરબદર,

મને મારી રીતે શોધવા દો ઈશ્વર...

જિંદગીનું બીજું નામ ઈશની તલાશ,

મને ખોળવા એય ભટકી રહ્યો મારી પાસ,

ક્યારેક મારી કે એની આ આશ ફળશે,

આકાશ, ક્ષિતિજ કે મળશું જમીન પર,

મને મારી રીતે શોધવા દો ઈશ્વર.

**પ્રશ્નો** :

(I) કવિ કોને ઈશ્વર શોધવા દેવાનું કહે છે?

D. આપેલ ત્રણેય

(II) 'ઈશ્વરની શોધમાં હું રોજ નીકળું,..' પંક્તિ પૂર્ણ કરો.

D. ને સૂરજ આથમ્યે સાંજ જેમ ઢળું

(III) કવિ કયા રસ્તા ભૂંસવાનું કહે છે?

A. ધર્મના રસ્તા

(IV) કવિએ જિંદગીનું બીજું નામ શેને કહ્યું છે?

C. ઈશ્વરની તલાશ

(V) કવિના મતે ઈશ્વરનો વાસ ક્યાં હોય છે?

B. મનુષ્યના હૃદયમાં

**(Literature)**

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

(I) કુદરતનો કયો નિયમ બદલાતો નથી?

C. જે જે ચડે તે પડે

(II) સંગાથ છોડનારાઓ માટે કવિ કાગ શું કહે છે?

A. એ મોઢાં મશવાળાં

(III) વતનનો તલસાટ' કાવ્યમાં કવિની અંતિમ ઝંખના શી છે?

B. જનની સહિતની વિદેશભૂમિમાં પૂર્ણ સંતોષ પામવાની

(IV) કુસુમના મન પર શાની અમીટ છાપ હતી?

C. પશ્ચિમના આચાર-વિચાર અને સંસ્કારની

(V) કોના પ્રયત્નોથી ગોદીના મજૂરોની હડતાળ બંધ થઈ?

A .કાર્ડિનલ મેનિંગ અને જોન્સ બન્સ

(VI) 'થીંગડું' વાર્તામાં વાર્તાકારે બાળવાર્તા ગૂંથીને શાનું આલેખન કર્યું છે?

A. જીવનરહસ્યનું પ્રતીકાત્મક

**પ્રશ્ન 4 –નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** (5x1=5)

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,

જીવતર આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસુંબા ઘોળે !
તરતાં ન આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોય

થોડાં મૃગજળ ચળકે છે મઝધાર.
ટીપેથી પાય તો ધારાઉ, સાવ તરસ્યો હું

રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો,

ઊગતી સવારના આ ડહોળાતા રંગમાં
જો થોડી સાંજ ઘૂંટી લાવો.
કોઈએ ના હોઠે અડકાડયું એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે?

**પ્રશ્નો :**

1. કવિ મેળો અને એકલતા વિશે શું કહે છે?

ઉત્તર: કવિને આ જગતમાં રહીને એવો અનુભવ થયો છે કે દિલદાર માનવીનો સંગાથ થાય તો માનવતાની મહેક ફેલાવી શકાય. ટોળાની વચ્ચે પણ એકલા રહેવાની શક્તિ મળે તો જીવન હંમેશાં આનંદથી જ વીતાવી શકાય.

2. કવિ કેવું જીવન ઇચ્છે છે?

ઉત્તર: કવિને એવું જીવન જોઇએ છે કે, કોઇપણ પરિસ્થિતિમાં હંમેશાં આનંદમાં રહી શકે, ભલે સુખ હોય કે દુઃખ.

3. સૂની બપોરે કવિને શાથી અકળામણ થાય છે?

ઉત્તર: સૂની બપોરે કવિ હર્યાભર્યા સંસારમાં એકલતાનો અનુભવ કરે છે માટે તેને અકળામણ થાય છે.

4. મૃગજળ ક્યાં ચળકે છે?

ઉત્તર: પ્રવાહની મધ્યે એટલે કે જીવનના મધ્યકાળમાં કવિને મૃગજળનો ભાસ થાય છે.

5. કવિ ક્યાં તરસ્યા રહી ગયા છે?

ઉત્તર: કવિ સંસારના સુખોના છલકાતા સાગરની વચ્ચે પ્રભુ કૃપા માટે સાવ જ તરસ્યા છે માટે પ્રભુ થોડું આપે તોય સંતોષ પામે.

6.ઊગતી સવારના ડહોળાતા રંગમાં કવિને શું જોઇએ છે?

ઉત્તર: જીવનના ઊગતા પ્રભાતના ડહોળાતા રંગમાં જો થોડી સાંજનો સોનેરી રંગ કોઇ ઘોળી લાવે તો જીવન ધન્ય થઇ જાય એવી કવિની ઝંખના છે.

**પ્રશ્ન -5 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો.** **(5x1=5)**

જો નિશાળ ન હોત તો બધાના બાળપણનો કાળ સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઇએ. એનો એવો જરાય અર્થ નહિ કે મને ભણવાની હોંશ નહોતી. પણ કેરી પીળી કઇ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઇ રીતે તૈયાર થાય? આખો દિવસ આપણે ગીત ગાતાં રહીએ તો શું થાય? આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે? રોજ પ્રાર્થના કરવા છતાં ભગવાન આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય છે? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી. એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત જ હતું, પણ જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઇને, દીનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, 'ભગવાન મને ગણિતમાં પાસ કર.પુરવણી પર શાહી ઢોળવા દઇશ નહિ, એવી એવી માગણીઓ કરતા.

**પ્રશ્નો**:

(I) બાલ્યકાળના સુખની લેખક શી કલ્પના કરે છે?

ઉત્તર: જો નિશાળ ન હોત તો બધાના બાળપણનો કાળ સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઇએ.

(II) લેખકને નિશાળમાં કયા સવાલનો જવાબ ક્યારેય મળ્યો નથી?

ઉત્તર: રોજ પ્રાર્થના કરવા છતાં ભગવાન આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય છે? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી.

(III) લેખકના મતે શાળામાં કેવું શિક્ષણ આપવું જોઇએ?

ઉત્તર: કેરી પીળી કઇ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઇ રીતે તૈયાર

થાય? આખો દિવસ આપણે ગીત ગાતાં રહીએ તો શું થાય?

(IV) લેખક ભગવાન વિશે શું વિચારે છે?

ઉત્તર: જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઈને, દીનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે.

(V) જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને લેખક અને તેના મિત્રો શું માંગતા?

ઉત્તર: જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, 'ભગવાન મને ગણિતમાં પાસ કર.પુરવણી પર શાહી ઢોળવા દઈશ નહિ, એવી એવી માગણીઓ કરતા.

(VI) લેખકને મતે ભગવાન જવાબ આપવામાં કેવા છે?

ઉત્તર: લેખકને મતે ભગવાન બીજાને મદદ કરે છે પણ તેમને પ્રશ્નોના જવાબ આપવામાં ક્રૂર છે.

**(Applied Grammar)**

**પ્રશ્ન-6.(A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

(I) 'ધતિંગ કરવા' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

C. ઢોંગ કરવો

(II) 'આભા બની જવું' – રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

D. આશ્ચર્યચકિત થવું

(III) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?

B. કાન ભંભેરવા - ઉશ્કેરણી કરવી

(IV) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?

D. આંખ લાલ થવી - ગુસ્સો ન આવવો

(V) 'આંખ ઠેરવવી' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

C. સ્થિર નજરે જોવું

(VI) નીચેનામાંથી 'પોરસાવવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

B. વખાણ કરવા

**(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

A. તે તમે કબૂલ કરો છો કે તમારે એ વાત કોઈને કહેવી નહિ?

(II) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો..

C. તેમનો તરજુમો તપાસવા પૂરતું ફ્રેન્ચ મને આવડતું હતું, તેથી તે જોઈ જવા કહ્યું.

(III) નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

મારી વેદનાને લીધે હું સૂઈ રહ્યો ____ હવે કોઇ પૂછે ___ કંઈ કહેવું નહિ એવો નિશ્ચય કર્યો.

B. અને – તો

(IV) નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

અમારા માટે તો બા _______ કામ _____ કામ ______બા.

C. એટલે, અને, એટલે

**(C) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર)** **(4x1=4)**

(I) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

B.માણસનો સ્વભાવ જ એવો છે કે, તે ના છૂટકે જ ઉપાય કરે.

(II) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ કયું વાક્ય અયોગ્ય છે?

C. ચોમાસાની ઋતુમાં રોગની બદીઓ વધારે વકરતું હોય છે.

(III) નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય શોધો.

A. વેનિસના આ સમુદ્રમાં જ જાણે જગત-પ્રવાસનું આહ્વાન સતત સંભળાય છે.

(IV) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય શોધો.

B. જનની અને સંતાનના મિલન જેવું દુર્લભ દૃશ્ય સ્વર્ગમાંયે નથી.

(V) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

B.માણસનો સ્વભાવ જ એવો છે કે તે ના છૂટકે જ ઉપાય કરે.

**(D) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ)** **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધો.

B. કાવ્યમાં કવિએ કલ્પનાને કાવ્યદેહ અને હાર્દને આત્મા તરીકે કંડાર્યો છે.

(II) નીચેના વાક્યોમાંથી ચાલુ ભૂતકાળનું વાક્ય શોધો.

A.ગોવાળિયાઓએ વાંસળીના સૂરમાં વાતાવરણને સૌંદર્યમગ્ન બનાવી દીધું હતું.

(III) નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય શોધો.

D. દેશની ઉન્નતિ કાજે જ સમાજસેવકોએ સ્વસ્થ સમાજનું નિર્માણ કર્યું હશે.

(IV) નીચેના વાક્યોમાંથી સાદા ભૂતકાળનું વાક્ય શોધો.

C. સંધ્યાના નયનમનોહર રંગો પાસે સૂર્યપ્રકાશ ઝાંખો પડ્યો.

## PART B (વર્ણનાત્મક પ્રશ્નો) (40)

**(Literature)**

**પ્રશ્ન-7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **(3x2=6)**

(I) ગંગાસતી અંતરમાં શું ધારણ કરવાનું કહે છે? શા માટે?

ઉત્તર: ગંગાસતી ક્રોધ પર વિજય મેળવીને મૌન ધારણ કરવાનું કહે છે. મનમાં રહેલા વિરોધને ટાળીને મનને પવિત્ર રાખી, કામ પર વિજય મેળવવો અને અંતરમાં વૈરાગ રાખવો. જગતના વૈભવને મિથ્યા માનીને દુર્જનનો સંગ ટાળવાનું કહે છે. કેમ કે આમ કરવાથી મનુષ્ય ક્રોધ પર વિજય મેળવી શકશે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) 'હોડી' અને 'સંસાર'નાં પ્રતીકો સ્પષ્ટ કરો .

ઉત્તર: 'હોડી' એટલે માનવજીવન. કવિ મનુષ્યના જીવનને સમુદ્રમાં તરતી હોડી સાથે સરખાવે છે. 'સંસાર' એ મોહમાયાના સંબંધો છે. ભગવાનને કવિ વિનંતી કરે છે કે મારી જીવનરૂપી હોડીનો તારણહાર બનીને, માયાના બંધનમાંથી મુકત કરીને સંસારરૂપી સાગરની સેર કરાવ. પરમતત્વને પ્રાપ્ત કરવામાં મદદરૂપ બન. આમ, કહીને પ્રભુદર્શનની તીવ્રતા કવિએ વ્યક્ત કરી છે. (વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) અર્જુનના ઉદાહરણ દ્વારા કવિ શો સંદેશ આપે છે?

ઉત્તર:અર્જુનના દષ્ટાંત દ્વારા કવિ કહે છે કે સમયની ગતિ કોઈ જાણી શક્યું નથી. મનુષ્ય બળવાન નથી પણ સમય બળવાન છે. મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી અર્જુન ભગવાન કૃષ્ણને મળવા ગયો,પણ ભગવાન 'એકલા આવ્યા હતા અને એકલા જ જવાનું' એમ કહી સ્વધામ ગયા. તેથી તે ઉદાસ થયો અને પાછો ફર્યો. રસ્તામાં અર્જુનને મનમાં વિચાર આવ્યો કે એના જેવુ કોઈ બળવાન નથી. ભગવાને કાબાનો વેશ ધારણ કરીને અર્જુનને લૂંટી લીધો. અર્જુન પાસે ધનુષબાણ હતાં છતાં તે હારી ગયો. ત્યારે તેને સમજાય છે કે સમયથી વધુ કોઈ બળવાન નથી.

(IV) કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનું કહે છે?

ઉત્તર: આલોક અને પરલોકની આશા છોડીને ભક્તિમાં અને ઈશ્વર સ્મરણમાં મન પરોવવાનું કહે છે. જગતમાં મળેલી સિધ્ધિઓને તરણા સમાન ગણવી. સિધ્ધિઓને કારણે અભિમાન ન આવે એની કાળજી લેવી. પોતાના વચનમાં હંમેશાં મક્કમ રહેવું આમ જગતની મોહમાયાને ત્યજીને ઈશ્વરમય રહેવાનુ કહેવામા આવ્યું છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫)

**પ્રશ્ન-8 નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ એક)** **(1x3=3)**

(I) 'હંકારી જા' કાવ્યનો કેન્દ્રવર્તી ભાવ સ્પષ્ટ કરો .

ઉત્તર: પ્રકૃતિ અને પરમતત્વની આરાધના જેમની કવિતાઓમાં કેન્દ્રસ્થાને છે એવા કવિ સુંદરમ્ લિખિત 'હંકારી જા' કાવ્યમાં કવિ ઈશ્વરને મનના માલિક અને તારણહાર કહે છે. આ કાવ્યમાં ભક્ત હ્રદયની ઉત્સુકતા અને પ્રભુદર્શનની ઝંખના અતિ લાઘવ સાથે રજૂ થઈ છે. કવિ પોતાના જીવનનું સૂનાપણું દૂર કરીને જીવનરૂપી વીણાના બે સૂર વગાડી જવા કહે છે. બે સૂર એટલે કે નામસ્મરણ અને પ્રભુભક્તિ. ઝંઝાના ઝાંઝર પહેરીને પ્રભુદર્શનની ઇચ્છાને પૂર્ણ કરવા વિનવે છે. અભિમાનને કારણે અંધ બનેલી આંખો પરથી અજ્ઞાનનો પડદો ઉપાડીને ઈશ્વરના સાક્ષાત્કારનું સોણલું બતાવવા કહે છે. જીવનની નીરસતા અને શુષ્કતાને દૂર કરીને હ્રદયને પ્રસન્ન અને મોહમાયાથી મુક્ત કરવા અરજ કરે છે.રામદર્શનની ભૂખી શબરીના બોર આરોગીને એની પ્રભુદર્શનની ઝંખના પૂર્ણ કરી, એમ મારી પણ એ ઇચ્છા પૂરી કરો. હે ! પ્રભુ મારે સંસારરૂપી સાગરને કિનારે બંધાવું નથી પણ સમુદ્રના મોજાની સેર કરવી છે. એટલે કે પરમતત્વને પામવું છે. કાવ્યના અંતમાં કવિ ઈશ્વરને મનના માલિક કહીને એમની જીવનરૂપી હોડીને ઇચ્છા અનુસાર હંકારીને અંતિમ સ્થાને લઈ જવા કહે છે.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુધ્ધિ- ૧)

(II) 'મેળો આપો તો' કાવ્યમાં કવિના મનોભાવો આલેખો.

ઉત્તર: હરીન્દ્ર દવે લિખિત 'મેળો આપો તો' કાવ્યમાં ઉદાત્ત અને દિલદાર માણસની ખૂબીઓ માણવાનો અને એને સતત મનન કરવાનો અવસર આપ્યો છે. પ્રસ્તુત ગીતકાવ્યમાં માનવસ્વભાવની લાક્ષણિકતાનું આલેખન થયું છે. સામાન્ય રીતે એકલો માણસ એકલતા અનુભવે છે જ્યારે ટોળું મેળા જેવો આનંદ માણે છે. પણ અહીં કવિને લોકવ્યવહારની આ સામાન્ય બાબત માન્ય નથી. તેઓના મનોભાવો અલગ છે. કેટલાક સંતો અને કવિઓને એકલતા ભરી ભરી લાગે છે. તેઓ માને છે કે મનુષ્યની શક્તિનો વિકાસ કરવાની તક એકલતામાંથી જ પ્રાપ્ત થાય છે. માણસ એકાંતમાં વધારે સારી રીતે વિચારી શકે છે. ઘણા વ્યક્તિઓ ટોળાની વચ્ચે પણ અલિપ્ત રહી શકે છે. કવિનું માનવું એવું છે કે જેને ખરા અર્થમાં કંઈક પામવાની તમન્ના છે એ ટોળા વચ્ચે રહીને પણ સિધ્ધિ મેળવી શકે છે. કેટલાકને ટોળું પીડા આપે છે. પરંતુ કોઈપણ પરિસ્થિતિમાં પ્રસન્ન રહી શકે એવો માણસ જ ખરા અર્થમાં માનવ છે. કવિ એવું સમજાવવા માગે છે કે કદી સમય અને સંજોગોને આધીન ન બનવું જોઈએ. પણ તેને આપણાં આધીન બનાવવા જોઈએ. એ અહીં કવિએ વિવિધ રૂપકો દ્વારા સ્પષ્ટ કર્યું છે.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુધ્ધિ- ૧).

(III) 'વતનનો તલસાટ' કાવ્યમાં કવિની જન્મભૂમિનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં લખો.

ઉત્તર: રમણીક અરાલવાળા લિખિત 'વતનનો તલસાટ' કાવ્યમાં માતૃભૂમિનો મહિમા પ્રગટ થયો છે. અહીં વતનવિરહની વેદનાને કારણે કવિ વ્યગ્ર બની ગયા. માતૃભૂમિના વિરહનો કારમો ઘા તેના હૈયે વાગ્યો પણ વેદના તેના આત્માને કોરી ખાય છે. મા વિનાનું બાળક, ધણથી વિખૂટું પડેલું વાછરડું જે તલખાટ અનુભવે છે, તેમ કવિ પણ માતૃભૂમિ વિના ઊંડો ઝુરાપો અનુભવે છે. પોતાના વતનમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતા ખેતરો, મહેનતુ ખેડૂતોના મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિરો પર લહેરાતી ભગવા રંગની ધજા, ઓછી ઓછી થતી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધુ જ છે પણ તેમની મમતામયી મા જ નથી એ વિચારે કવિની વેદના ચરમસીમાએ પહોચે છે. જનનીરહિત જનમભૂમિથી અસંતુષ્ટ કવિને જનનીસહિતની વિદેશભૂમિમાં પૂર્ણ સંતોષ પામવાની ઝંખના છે.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુધ્ધિ- ૧)

**પ્રશ્ન-9 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (3x3=9)**

(I) નારાયણ હેમચંદ્રનું ચરિત્ર ચિત્રણ કરો.

ઉત્તર: નેશનલ ઇન્ડિયન એસોસિયેશનવાળા મિસ મેનિંગને ત્યાં ગાંધીજીની હેમચંદ્ર સાથે મુલાકાત થઈ. લેખક તરીકે એ જાણીતા હતા. તેમની અભ્યાસપ્રીતિ, ભાષાજિજ્ઞાસા, નિખાલસતા, નિરભિમાન, અખૂટ ધીરજ અને આત્મવિશ્વાસ જેવા ગુણોને કારણે રાષ્ટ્રપિતા ગાંધી એના પર મોહિત થયા હતા.નારાયણ હેમચંદ્રનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન, ઉપર ચોળાઇ ગયેલો, કાંઠલેથી મેલો બદામી રંગનો નેક ટાઈ વિનાનો પારસી ઘાટનો પણ ડોળ વિનાનો કોટ અને માથે ફૂમતાવાળી ઊનની ગૂંથેલી ટોપી પહેરતા. કાર્ડિનલ મેનિંગ અને જૉન બંર્સના પ્રયત્નોથી ગોદીના મજૂરોની હડતાલ બંધ રહી હતી. આ સાંભળીને હેમચંદ્રે આ સાધુપુરુષને મળવા જવાનું નક્કી કર્યું. ગાંધીજીએ દસ્તૂર મુજબ પોશાક પહેર્યો પણ હેમચંદ્રે એ જ કોટ અને એ જ પાટલૂન પહેર્યું એથી ગાંધીજીએ વિનોદ કર્યો ત્યારે હેમચંદ્રે કહ્યું કે'મહાપુરુષો કદી પોશાક સામું જોતાં નથી એ તો હ્રદયને તપાસે છે.'નારાયણ હેમચંદ્રને વ્યાકરણનું જ્ઞાન નહિવત્ હતું, પણ બધી જ ભાષા શીખીને તેના અનુવાદ દ્વારા મહાન પુરુષોના વિરલ પુસ્તકોનું જ્ઞાન લોકો સુધી તેમને પહોચાડવું હતું. તેમને અલગ અલગ દેશોનો પ્રવાસ કરવાનો શોખ હતો. તેમનું જીવન એકદમ સાદું અને સરળ હતું. એમેરિકમાં એમના અસભ્ય પોશાક માટે તેની ધરપકડ થઈ પણ પછીથી તેમના જીવનના સિધ્દ્ધાંતોને કારણે તેને છોડી દીધા હતા. આમ, હેમચંદ્ર અલગ વ્યક્તિત્વ ધરાવતા અનોખા ઇન્સાન હતા.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુધ્ધિ- ૧)

(II) પ્રભાશંકરના વીતેલા જીવનનો ખ્યાલ આપો.

ઉત્તર: 'બીજી થોડીક' વાર્તાસંગ્રહમાંથી લેવાયેલી આ વાર્તામાં પ્રભાશંકરના દુઃખી જીવનનું અસરકારક આલેખન કરવામાં આવ્યું છે. પ્રભાશંકર એક ગરીબ બ્રાહ્મણના પુત્ર હતા. તેના પિતા ગોરપદું કરીને ઘર ચલાવતા હતા.પ્રભાશંકરના કુટુંબની હાલત 'એક સાંધીએ ત્યાં તેર તૂટે' એવી હતી. ત્રણ-ચાર વરસ નબળા ગયા. તેમનું ઘર આગમાં બળીને ખાક થઇ ગયું. તેમની પાસે જમીન તો તસુભર ન હતી. પિતાની ઓછી આવક અને ત્રણ બહેનોને પરણાવવાની જવાબદારી પ્રભાશંકર પર હતી માટે તેમણે પંદર વર્ષની ઉંમરે એક વેપારીની દુકાનમાં તમાકુના પડીકાં વળવાની નોકરી કરી. પાંચેક વરસ રાહ જોયા પછી આખરે એક દૂરના ગામમાં પંદર રૂપિયાના પગારની પ્રાથમિક શિક્ષકની નોકરી મળી. બહેનોના લગ્ન અને બીજી બધી જવાબદારીઓ નિભાવતા પ્રભાશંકરની ઉંમર પાંત્રીસ વર્ષની થઇ ગઈ.પ્રભાશંકરે પાંત્રીસ વર્ષની ઉંમરે પારવતી સાથે સંસાર માંડ્યો. સંસારનો ઢસરડો કરતાં એમનો જીવનરસ સૂકાઇ ગયો હતો પણ પારવતીએ કરકસર કરીને હંમેશાં પ્રભાશંકરને સાથ આપ્યો. તેમના મોટા દીકરા મણિશંકરનું અકાળે અવસાન થયું. આ કારમા ઘામાંથી પ્રભાશંકર બહાર આવ્યા ન હતા ત્યાં તો તેમના પત્ની પારવતીનું અવસાન થયું. તેને કારણે પ્રભાશંકર સાવ એકલા પડી ગયા. નાનો દીકરો હસમુખ પિતાની જરા પણ કાળજી રાખતો ન હતો. આમ, પ્રભાશંકરનું જીવન બાળપણથી વૃધ્ધાવસ્થા સુધી દુઃખમાં જ વીત્યું.

(III) અખો શા માટે સંસારત્યાગ કરે છે? એની મન:સ્થિતિ જણાવો.અથવા નાટકમાં વ્યક્ત થતી અખાના સ્વભાવની ખાસિયતો સ્પષ્ટ કરો.

ઉત્તર : આપણા સુપ્રસિદ્ધ મધ્યકાલીન જ્ઞાની કવિ અખાના જીવન વિશે પ્રચલિત દંતકથાને આધારે લેખક ચંદ્રવદન મહેતાએ 'અખાનો સંસારત્યાગ' ચરિત્રનાટક લખ્યું છે. અહીં અખાના જીવનના વળાંકરૂપ સંસારત્યાગના પ્રસંગને આબેહૂબ આલેખ્યો છે. એમાં અખાના ઉદાત્ત વ્યક્તિત્વને સુપેરે ચિત્રિત કર્યું છે.અખા જેવા સજ્જન વ્યક્તિને સમાજની રૂઢિગત ઢબ ને કારણે ઘણી મુસીબતો અને અપમાન સામનો કરવો પડે છે. અખાના પાડોશમાં રહેતા જમાનાબેન જેમને અખો ધર્મભગિની માનતો હતો. ભાઇ તરીકેની બધી જ જવાબદારી નિભાવતો હતો. જમનાબેન પણ અખાને પોતાનો સગોભાઈ માનતી હતી.આ સબંધો સમાજને માન્ય ન હતા તેથી અખા વિરુદ્ધ જમાનાબેનને ઉશ્કેર્યાં. જમાનાબેન પોતે અખા પાસે જમા કરેલા રૂપિયા કઢાવવા કંઠી પહેરવાનું કહીને કંઠી બનવડાવી, કંઠી બની ગયા પછી અખા પરના અવિશ્વાસને કારણે ચોક્સી પાસે તેની ખરાઇ કરાવવા ગયા. આ વાતની જાણ થતાં અખાને જગતની માયાની સચ્ચાઇ સમજાઇ. પાખંડથી ભરેલી આ દુનિયામાં માણસ તો પામર છે. તે ભરમાઈ જાય છે. માટીના માળખામાં આટલો બધો પ્રપંચ. માનવમાત્રને માયાના બંધન છે. મારી બેન જેવી બેનને પણ મારા પર વિશ્વાસ નથી, પાંચ-પાંચ વર્ષ આટલી નિમકહલાલ સેવા બજાવી તોય સૂબેદારના મનમાં મારે માટે અવિશ્વાસ આવ્યો. માનવજીવન કેટલું સડેલું છે? માયાના આવરણ કેવા લાલ-પીળાં રંગ દેખાડે છે? માયાની ઇન્દ્રજાળથી કોઇ બચી શકતું નથી. માયા જુદા જુદા વેશ, ચિત્રવિચિત્ર પ્રપંચ લીલા વગેરે દ્વારા એ માણસને મર્કટની જેમ નચાવે છે. સોનું ઘડ્યું ત્યારે આળ આવ્યું ને હવે મારે સોનીનો ધંધો જ નથી કરવો. આ સંસાર અસાર છે. આમ, અખાને સંસાર પર વિરક્તિ આવી.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(IV) મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કેવી રીતે કરી?

ઉત્તર : ઈશ્વર પેટલીકર લિખિત 'મોરના ઇંડાં' વાર્તામાં મહીજીનું પાત્ર એક અનોખુ વ્યક્તિત્વ ધરાવે છે. કબુને આણંદથી ખંભાત પહોચડવા મુનીમ અને ગાડીવાન વજેસંગ અને દલભાઈ નીકળ્યા. પડોળીની ભાગોળે આવતા જ સૂર્યાસ્ત થઇ ગયો.મુનીમજીએ મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઇ જવાનું નક્કી કર્યું.પુત્રની કસોટી કરવા પોતે ડાકુ બનીને પુત્ર બુધો જે ગાડાનું રક્ષણ કરવા ગયો હતો એ જ ગાડાને લૂંટવા રસ્તો રોકીને ઊભો રહ્યો, તેણે બુધાને ખસી જવા પડકાર કર્યો. બુધાએ પણ સામો પડકાર કરીને ચાલ્યા જવા કહ્યું. એમ પણ કહ્યું કે 'અલ્યા બાપુ ! મારું માની જા અત્યારે તું મારો બાપ નથી, હજી શરમ રાખું છું ત્યાં સુધી. નહીં તો જોયા જેવી થશે.' પણ મહીજી ખડગની પેઠે અડીખમ રહ્યો. ત્યારે બુધાએ પોતાની ફરજની વચ્ચે આવતા પિતા પર તલવારથી પ્રહાર કર્યો. પરંતુ મહીજી તો પુત્રની નેકીની કસોટી કરતો હતો. તેણે પુત્રને શાબાશી આપતાં કહ્યું કે 'શાબાશ દીકરા હવે મને ખાતરી થઇ ગઇ છે કે તું મારું નામ નહીં બોળે.' આમ મહીજીએ પોતાના પુત્રની નેકી અને ઇમાનદારીની પરીક્ષા કરી.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(V) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

ઉત્તર: સૉક્રેટિસ દુનિયાનો મહાન વિચારક - બહુ બુદ્ધિશાળી - લોકોને સદાચાર તરફ વળવા પ્રયાસ - લોકોને એની વાતોમાં રસ પડતો, મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટાળતા - સૉક્રેટિસ તેમને સાચો ધર્મ સમજાવતો. આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી - તે એવું માનતો હતો કે 'પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.' - એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સૉક્રેટિસ ભળતો. તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચા - સ્વતંત્ર અને ઊંડો વિચારક - પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહેતો. તે હંમેશા નમ્રપણે કહેતો કે, 'હું અજ્ઞાની છું જ્ઞાન મેળવવા મથું છું. - યુવાવર્ગ સૉક્રેટિસ પર ખૂબ ખુશ - સૉક્રેટિસના વિચારોની એમના પર ખૂબ અસર - એથેન્સના રાજકર્તા ખૂબ અકળાયા. - સૉક્રેટિસ પર યુવાનોને ભડકવવાનો અને નગરદેવતાને ન માનવાનો આરોપ - તેના પર કેસ ચાલ્યો અને રાજદ્રોહના કાયદા હેઠળ સૉક્રેટિસને મોતની સજા. એથેન્સવાસીઓએ એક મહાન પુરુષને ઝેર આપીને દુનિયામાંથી વિદાય કર્યો.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

**પ્રશ્ન-10 નીચેના સાહિત્યકારનો દસ-બાર વાક્યોમાં પરિચય કરાવો. (કોઈપણ એક)** **(1x4=4)**

(I) ઉમાશંકર જોશી

(II) દલપતરામ

લેખક પરિચય :

પ્રસ્તાવના પ્રારંભિક પરિચય 1

શિક્ષણ – વિશિષ્ટ સિધ્ધિઓ 1

સાહિત્ય ક્ષેત્રે પ્રદાન 2

**(Effective writing Skill)**

**પ્રશ્ન- 11. નીચે આપેલ વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. (કોઈપણ એક)** **(1x8=8)**

**(I) મોંઘવારીનું વિષચક્ર :**

**મુદ્દા :** પ્રાસ્તાવિક –મોંઘવારી વધવાના કારણો –મોંઘવારીની જનજીવન પર અસર – મોંઘવારીનાં વિષચક્રથી બચવાના ઉપાયો – સરકારની ફરજ – ઉપસંહાર

**(II) વસંતનો વૈભવ :**

**મુદ્દા :** પ્રાસ્તાવિક – ભારતનો ઋતુક્રમ – વસંતનું મનોરમ વાતાવરણ – પ્રકૃતિની અનેરી શોભા – વસંત - એક અજોડ ઋતુ – ઉપસંહાર

**(III) વૃક્ષોનું જતન આબાદ વતન :**

**મુદ્દા:** પ્રાસ્તાવિક – વૃક્ષોની ઉપયોગિતા – વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ – દેશની સમૃધ્દ્ધિનો આધાર – ઉપસંહાર

પ્રસ્તાવના – ૧

વિષયવસ્તુ – ૨

ભાષા અભિવ્યક્તિ – ૧

ભાષા શુધ્ધિ અને વાક્યરચના- ૨

ઉપસંહાર -૧

નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો...

- વિષયની પસંદગી
- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ
- કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો.
- વિષયાંતર થયું છે કે નહિ
- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુધ્ધિ અને ભાષાશૈલી.

**પ્રશ્ન 12 તમારી શાળામાં યોજાયેલા રક્તદાન-શિબિર વિશે આશરે સો શબ્દોમાં અહેવાલ લખો.** **(5x1=5)**

**અથવા**

**તમારી શાળામાં યોજાયેલા રાજ્ય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનનો અહેવાલ લખો.**

પ્રારંભ - ૧

વિષયવસ્તુ – ૨

ભાષા અભિવ્યક્તિ – ૧

ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૧

અહેવાલલેખન લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

અહેવાલના વિષયને સમજી કાચી રૂપરેખા બનાવો.

ઘટનાક્રમ જાળવો.

મહત્ત્વની બાબતો રહી ન જાય તેનું ધ્યાન રાખો.

કોઈપણ ઘટના કે હકીકત જેવી બની હોય એવી જ, જરાય અતિશયોક્તિ વિના લખવી.

અહેવાલમાં તારીખ, સમય, સ્થળ, વ્યક્તિ વિશેષ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કરો.

ઘટનાના વણાંક કે તબક્કા મુજબ યોગ્ય ફકરા પાડો.

અહેવાલની ભાષા શુધ્ધ, સરળ અને આકર્ષક હોવી જોઈએ.

**પ્રશ્ન-13. તમારા વિસ્તારમાં રોગચાળો ફેલાયો છે એ વિશે પગલા લેવા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીને પત્ર લખો.** **(5x1=5)**

**અથવા**

**તમારા વિસ્તારમાં આવેલા પાર્ટીપ્લોટોને કારણે અનુભવવી પડતી મુશ્કેલીઓ વિશે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.**

સરનામું અને તારીખ- ૧

સંબોધન અને અભિવાદન – ૧

વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – ૨

સમાપન અને લિખિતંગ – ૧

નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો. પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.

પત્રની ભાષા સરળ અને શુધ્ધ હોવી જરૂરી. કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી
પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી

* ખાસ નોંધ : પ્રશ્નપત્રમાં જો પ્રેક્ષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.

***********************